**<u>:: આંક–૧૮૭ લગત હુકમ ::</u>**

(૧) સદર અરજી વાદી નં.૩ અને ૪ તરફે સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨ તથા ૧૩ હેઠળ પ્રતિવાદી નં.૧૩ નાએ સાટાખત અને વેચાણ દસ્તાવેજની હકિકતો જાહેર કરે તથા તેની નકલો રજુ કરે તે સબબ દાખલ કરેલી છે. તેઓની રજુઆત છે કે પ્રતિવાદી નં.૧૩ નાએ તા. ૧૨/૧૨/૨૦૨૨ ના રોજ પોતાનાં લેખિત જવાબમાં પાના નં.૭ નાં પ્રથમ પેરામાં ત્રાહિત ઈસમો ને સાટાખત અને દસ્તાવેજ કરી આપેલ છે તેવી રજુઆત કરવામાં આવેલી છે. જે સંદર્ભે બ્લોક નં. ૨૦/૧, ટી.પી. સ્કીમ નં.૪૩ જહાંગીરાબાદ, ફાઈનલ પ્લોટ નં.૮/એ તથા ૮/બી પાડવામાં આવેલ છે તે લગત પ્રતિવાદી નં.૧૩ નાએ ત્રાહિતો સાથે વ્યવહાર કરેલ છે જે અંગત રીતે પ્રતિવાદી નં.૧૩ ની જાણમાં છે. વધુમાં તેઓની રજુઆત છે કે પ્રતિવાદી નં.૧૩ નાએ મહત્વની હકિકતો નામદાર કોર્ટથી છુપાવી છે જેથી તેવા દસ્તાવેજોની વિગત પ્રતિવાદી નં.૧૩ નાઓએ જાહેર કરવા જોઈએ તથા તેવા દસ્તાવેજો તપાસણી માટે રેકર્ડ પર રજુ કરવા જોઈએ જેથી વાદીની સદર અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૨) પ્રતિવાદી નં.૧૩ નાએ આંક–૧૮૮ થી સદર અરજી વિરૂધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે જે મુજબ સદર અરજી ચાર વાદીઓ પૈકી માત્ર બે વાદીઓએ આપેલી હોય તેથી ચાલવા પાત્ર નથી. તેઓની વધુમાં રજુઆત છે કે બ્લોક નં. ૨૦/૧, ટી.પી. સ્કીમ નં.૪૩ જહાંગીરાબાદ ફાઈનલ પ્લોટ નં.૮/એ તથા ૮/બી નો દસ્તાવેજ થઈ ગયેલ છે, સદર અરજી આવી તે પહેલા થી બાંધકામ, ડેવલપમેન્ટ અને તબદીલીનાં કૃત્યો થઈ ગયેલા છે અને ત્યારબાદ પ્રતિવાદી નં. ૧૩ ના લાભમાં સબરજીસ્ટાર કચેરીમાં તા.૫/૮/૨૦૧૭ નાં રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધાયેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે વાદી જાતે સબરજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરી ખરી હકિકત જાણી શકે તેમ છે, હાલનાં કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે નિયત સમયમર્યાદામાં દાવાનો નિર્ણય કરવાનું ડાયરેકશન આપેલ છે તેમાંથી છટકવાનાં બદઈરાદે અવનવી અરજીઓ આપ્યા કરે છે અને વાદી પ્રતિવાદીને દસ્તાવેજો રજુ કરવા સારૂ ફરજ પાડી શકે નહિં જેથી તેઓએ સદર અરજી રદ કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે સી.પી.સી. ઓર્ડર–૧૧,

રૂલ–૧૨,૧૩,૧૪ ની જોગવાઈ જોતાં જયારે કોઈ દસ્તાવેજ પક્ષકારોના કબજામાં હોઈ અને સામા પક્ષકારને તેની જાણ ન હોય ત્યારે જ સ્પષ્ટીકરણ અને પ્રગતિકરણનો હુકમ થઈ શકે. પરંતુ હાલનાં કેસમાં વાદીએ યોગ્ય તકેદારી લીધા વિના સદર અરજી દાખલ કરેલ છે જે માત્રને માત્ર કામ લંબાવવાનાં અને ખોટો ગુચવાડો ઉભો કરવા દાખલ કરેલ હોવાનું જણાય છે. વધુમાં તેઓએ પોતાની અરજીનાં સમર્થનમાં ૨૦૦૯(૩)જી.એલ.આર.૨૫૯૪ નાં ચુકાદા ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે વાદીની સદર અરજી ટકવા પાત્ર નથી તેથી કોસ્ટ સાથે રદ કરવી જોઈએ.

(૩) વાદી નં.૩ અને ૪ તરફે વિ.વકીલશ્રી કે.એમ. પટેલ નાઓએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે પ્રતિવાદી નં.૧૩ પોતાના જવાબમાં જે હકિકતો લઈને આવેલ છે તે હકિકતો પુરી અને ખરી જાહેર જવી જોઈએ અને તેઓ જે દસ્તાવેજની જાણકારી ધરાવતા હોય તે સ્પષ્ટપણે નામદાર કોર્ટમાં મુકવી જોઈએ કે જેથી વાદી પોતાના દાવાના આખરી નિર્ણય સારૂ યોગ્ય તે પક્ષકારોને રેકર્ડ પર મુકી શકે. વધુમાં તેઓની ભારપૂર્વકની રજુઆત છે કે જો સદર અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને હાલના દાવાનાં કામે પ્રતિવાદી નં.૧૩ ધ્વારા ત્રાહિતનાં તરફેણમાં જે દસ્તાવેજો દાખલ કરેલ છે તેની જાણકારી મેળવી શકે નહિં અને તે કારણસર જયારે દાવાનો આખરી નિર્ણય જો વાદીની તરફેણમાં આવે ત્યારે તે સમયે વાદી પક્ષકારોને જોડેલ ન હોવાનાં કારણસર માત્ર પેપર ડીક્રી લઈને બેસી રહેવુ પડે તેવુ બને. તેઓની વિશેષમાં રજુઆત છે કે સદર અરજી મંજુર કરવાથી ખરેખર જે પક્ષકારો હિત ધરાવનારા છે તેમને રેકર્ડ પર લાવી શકાશે અને દાવાનો ગુણદોષ આધારે નિર્ણય શકય બનશે. વિગતે અને ઉંડાણભરી રજુઆત કર્યા બાદ તેઓએ વાદી ધ્વારા આજરોજ સબરજીસ્ટાર કચેરીમાં સર્ચ મેળવાતાં પુરતા દસ્તાવેજો મળી શકયા નથી, પરંતુ જે દસ્તાવેજો મળી શકયા હોય તેટલા એફીડેવીટથી રજુ કરેલ અને બાકીનાં દસ્તાવેજો રજુ કરવા સદર અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) પ્રતિવાદી નં.૧૩ તર્ફે વિ.વકીલશ્રી શેખ નાઓની ભારપૂર્વકની રજુઆત છે કે હાલનો દાવો વાદીએ દાખલ કરેલો છે જેથી વાદી પોતાનો બોજો પ્રતિવાદી નં.૧૩ ના શીરે નાંખી શકે નહિં. વધુમાં તેઓની રજુઆત છે કે પ્રતિવાદી નં.૧૩ નો દસ્તાવેજ પણ ૨૦૧૭ – ૨૦૧૮ ની સાલમાં કરવામાં આવેલો છે અને વાદીએ ખોટી રીતે તેઓને પક્ષકાર તરીકે જોડેલ હતા

અને સદર અરજી મંજુર કરવામાં આવે તો બીનજરૂરી રીતે અમુક પક્ષકારોને જોડવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે અને તે કારણસર સદર દવો ઝડપથી ચલાવવો શકય બને તેમ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે સદર અરજી આપવા પાછળ વાદીનો હેતુ માત્રને માત્ર વિલંબ કરવાનો છે અને નામદાર કોર્ટને ગુંચવાડામાં મુકવાનો છે. વધુમાં તેઓની રજુઆત છે કે વાદીએ પ્રતિવાદી નં.૧૩ ને દાવામાં જોડેલા છે અને પ્રતિવાદી નં.૧૩ નાએ જે કોઈ દસ્તાવેજો કરી આપેલા હશે અથવા કરી આપવામાં આવશે તે તમામ હાલનાં દાવાનાં આખરી નિર્ણયને આધિન જ ગણાય જેથી ત્રાહિત પક્ષકારોને જોડવાથી અન્ય કોઈ હેતુ સરે તેમ નથી. વધુમાં તેઓની ભારપૂર્વક રજુઆત છે કે હાલનાં સમયે તમામ સરકારી રેકર્ડને ડીજીટેલાઈઝેશન કરવામાં આવેલ છે અને વાદીને જે માહિતી જોઈતી હોય તે ઓનલાઈન મળી શકે તેમ છે. પરંતુ વાદી જાણીબુઝી ને નાણાંકીય ખર્ચ કરવો ન પડે તે હેતુથી તથા પ્રતિવાદીને હેરાનપરેશાન કરવાનાં હેતુથી સદર અરજી દાખલ કરી કામને વિલંબમાં મુકેલ છે. જેથી તેઓએ સદર અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) પ્રતિવાદી નં.૧ થી ૧૦ તરફે વિ.વકીલશ્રી વી.ડી. જાગીરદાર નાઓની રજુઆત છે કે હાલના દાવાનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો વાદીએ શરૂઆતથી જ પરચુરણ અરજીઓ દાખલ કરી કામને વિલંબમાં મુકેલ છે. સદર અરજી દાખલ કર્યા બાદ જ મંજુર કરવામાં આવે તો બીનજરૂરી રીતે અન્ય અને ત્રાહિત પક્ષકારોને રેકર્ડ પર મુકવાની વાદીની અરજી દાખલ થશે. જે અરજી પાછળનો હેતુ માત્રને માત્ર કામ વિલંબમાં મુકવાનો છે. વધુમાં તેઓની રજુઆત છે કે પ્રતિવાદી નં.૧૩ ની તરફેણમાં કરવામાં આવેલ દસ્તાવેજો જો કાયદેસર થશે તો ત્યારપછીના તમામ દસ્તાવેજો આપોઆપ ગેરકાયદેર અને રદબાતલ બનશે અને તેથી તે કારણસર વાદીને હાલની અરજી કરવાનું કોઈ કારણ રહેતુ નથી. પરંતુ પુરાવાનાં તબકકે પુરાવો રજુ કરવો જરૂરી બને છે. વધુમાં તેઓની રજુઆત છે કે સી.પી.સી. ઓર્ડર–૧૧, રૂલ–૧૨,૧૩ અને ૧૪ નો ઉપયોગ કરી વાદી પોતાનો બોજો પ્રતિવાદીના શીરે નાંખી શકે નહિં અને તેથી તેઓએ સદર અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) વિ.વકીલશ્રી એમ.જે. ગાંધી નાઓએ પ્રતિવાદી નં.૧૧ અને ૧૨ તરફે ઉપરોકત દલીલને સમર્થન આપી વિશેષમાં રજુઆત કરેલ છે કે સદર અરજી એક માત્ર ત્યારે જ મંજુર કરી

શકાય કે જયારે પ્રતિવાદી નં.૧૩ તેવા દસ્તાવેજોનાં કબજામાં હોઈ, અને વાદી તે દસ્તાવેજો મેળવી શકે તેમ ન હોય. તેઓની રજુઆત છે કે વાદી તમામ દસ્તાવેજો સરકારી કચેરીમાંથી મેળવી શકે તેમ છે પરંતુ તેમ કરવાને બદલે ટુંકા ગાળાના રસ્તા તરીકે સરદ અરજી દાખલ કરેલ છે જેથી સદર અરજી નામંજુર કરવી જોઈએ.

(૭) તમામ પક્ષકારોની વિગતે દલીલો સાંભળી, રેકર્ડ ધ્યાને લીધું, અરજી વંચાણે લીધી, કાયદાકીય જોગવાઈ ધ્યાને લીધી. સદર અરજીને નિર્ણિત કરતા પહેલા હું એ નોંધવુ જરૂરી સમજુ છુ કે સદર કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં હુકમ તા.૨૧/૧૦/૨૦૨૧ થી ડાયરેકશન આપી સદર દાવો ૧૦ મહિના સુધીમાં ફેંસલ કરવા હુકમ કરેલ હોય અત્રેની અદાલમાં તા.૨૩/૫/૨૦૨૨ ના રોજ ચાર્જ લીધો તેજ દિવસે આંક-૧ લગત હુકમ કરી તમામ પક્ષકારોને તથા વકીલશ્રીઓને સદર દાવો ગુણદોષ આધારે ઝડપથી ચલાવવા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમનું પાલન કરી શકાય તે સારૂ સહકાર આપવા હુકમ કરેલ છે. ત્યારબાદ આંક-૧૭૧, તા.૧૭/૮/૨૦૨૨ નાં રોજ મુદૃા રીકાસ્ટ કરવામાં આવ્યા છે અને ત્યારબાદ તા.૫/૧૦/૨૦૨૨ ના રોજ વાદી નં.૩ અને ૪ નાઓ તરફે સુધારા અરજી દાખલ કરવામાં આવેલ છે જે સુનાવણીનાં તબકકે ગયેલ અને તેનો હુકમ કરી પ્રતિવાદી નં.૧૩ નાઓને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. પ્રતિવાદી નં.૧૩/૧ થી ૧૩/૬ નાઓએ આંક-૧૭૮ થી તા. ૧૫/૧૧/૨૦૨૨ નાં રોજ જવાબ રજુ કરેલ છે જેનાં આધારે આંક-૧૭૧ ના મુદૃાઓના તા. ૨૦/૧૨/૨૦૨૨૨ નાં રોજ જરૂરી સુધારા કરવામાં આવેલ છે અને ત્યારબાદ સદર કામ વાદીના પુરાવા ઉપર છે. તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ વાદી તરફે આંક-૧૮૬ થી મુદત અરજી આપવામાં આવેલી અને ત્યારબાદ તા.૨/૧/૨૦૨૩ નાં રોજ વાદી તરફે હાલની દસ્તાવેજોનાં પ્રગતિકરણ અને તપાસણીની અરજી દાખલ કરવામાં આવેલી છે. હાલનાં કામે વાદીની આંક-૫ ની મનાઈ હુકમની અરજી તા.૨૬/૪/૨૦૧૩ નાં રોજ રદ કરવામાં આવેલી છે. વાદી તર્ફે આંક-૫ ની જે તે વખતે સદર અરજી દાખલ થયેલી તે રદ થતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધીનાં પ્રોસીડીંગ્સ થયેલા છે. તે લગત રેકર્ડ જોતાં આંક-૫૮ થી રીટ સર્ટીફાઈડ થયેલ છે. ત્યારબાદ મારા પુરોગામી સાહેબશ્રીએ સદર કામે આંક-૧૩૬ તથા આંક-૧૩૯ મુજબ રીટ સર્ટીફાઈડ કરેલ છે.

રેકર્ડને ધ્યાને લેતાં મારા પુરોગામી સાહેબશ્રીએ તા.૧૯/૧૨/૨૦૧૬ નાં રોજ હાલનાં કેસને ડાયરેકશન મુજબની સમયમર્યાદા વધારી આપવા માટે રજુઆત કરેલ છે ત્યારબાદ આંક–૧૪૦ થી આંક–૧૪૨ ની રીટ સર્ટીફાઈડ કરતાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૨૧ /૭/૨૦૨૧ નાં રોજ (૧) આર/સ્પે.સીવીલ એપ્લી.નં.૯૫૫૪/૨૦૧૬,(૨) આર/સ્પે.સીવીલ એપ્લી.નં.૩૯૩૭/૨૦૧૩, (૩) આર/સ્પે. સીવીલ એપ્લી.નં.૯૩૧૬/૨૦૧૬ તથા (૪) સીવીલ એપ્લી.નં.૧/૨૦૧૮ નો હુકમ કરી હાલનો દાવો ૧૦ માસમાં પુરો કરવાનું ડાયરેકશન આપેલ છે. પરંતુ રેકર્ડ પર વાદીઓની પરચુરણ અરજીઓને કારણે દાવો નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકેલ નથી. આંક–૧૭૧ થી મુદ્દાઓ ઘડયા બાદ પણ વાદીએ પુરાવા રજુ કરવાના સ્થાને હાલની પરચુરણ અરજી દાખલ કરેલ છે. બંને પક્ષકારોનાં પ્રોસીડીંગ્સનાં આધારે આંક–૧૭૧ થી કુલ–૨૧ મુદ્દા ઘડવામાં આવેલા છે કે જેનો પુરાવો લેતાં સ્વાભાવિક રીતે સમય જાય તેમ છે તેમ છતાં પુરાવા રજુ કરવાનાં સ્થાને વાદીએ હાલની અરજી સીપીસી ઓર્ડર–૧૧, રૂલ–૧૨,૧૩ નો આધાર લઈને દાખલ કરેલ છે.

(૮) હાલની અરજીમાં કારણો સાથે જોગવાઈઓને ધ્યાને લેતાં સી.પી.સી. ઓર્ડર–૧૧ રૂલ–૧૨ મુજબ કોઈપણ પક્ષકાર દસ્તાવેજોની તપાસણી માટે અરજી કરી શકે છે જે મંજુર કરવી કે નામંજુર કરવી તેવી વિવેકાધીન સત્તા અદાલત પાસે રહેલી છે. વાદી નં.૩ અને ૪ નાઓએ સદર અરજી પ્રતિવાદી નં.૧૩ નાએ પોતાનાં જવાબમાં સાટાખત તથા દસ્તાવેજો ત્રાહિતના હિતમાં કરી આપ્યા છે તેવી હકિકત જાહેર કર્યા બાદ તેવા સાટાખત અને દસ્તાવેજોની વિગત પ્રતિવાદી નં.૧૩ રેકર્ડ પર જાહેર કરે અને તેવા દસ્તાવેજોની નકલ રજુ કરે તે સબબ ગુજરાતેલ છે. જેનો પ્રતિવાદી નં.૧૩ તરફે સખત વાંધો લીધેલ છે. વાદી તરફે આજરોજ એફિડેવીટથી સુરતનાં સબરજીસ્ટ્રારશ્રી, કતારગામની કચેરીમાં સર્ચ કરાવેલ તે દસ્તાવેજો રજુ રાખેલ છે અને તે સિવાય અન્ય કોઈ માહિતી મળેલ નથી તેવું એફિડેવીટથી જાહેર કરેલ છે. સદર દસ્તાવેજોને આધારે પ્રતિવાદી નં.૧૩ નાએ જે રજીસ્ટર્ડ દસ્તાવેજ કેરલ હોય તેની માહિતી વાદી ને પ્રાપ્ત થઈ ચુકેલ છે. સાટાખત સંદર્ભે નોંધીએ તો કાયદામાં માત્રને માત્ર રજીસ્ટર્ડ દસ્તાવેજો ને સ્થાન છે તેથી તેવા સાટાખતની વિગતો હાલનાં તબકકે બીનજરૂરી જણાય છે. વધુમાં હાલ ભારત સરકાર ધ્વારા તમામ રેકર્ડને ડીજીટલાઈઝેશન કરવામાં આવેલ છે અને રેવન્યુ રેકર્ડ

તથા સબરજીસ્ટ્રાર કચેરીની તમામ માહિતી અને દસ્તાવેજો ઓનલાઈન ઉપલબ્ધ છે તેથી વાદી પોતાના સમય અને નાણાંનો ઉપયોગ કરી તે તમામ હકિકત મેળવી શકે તેમ છે. હાલનાં તબકકે વાદીનાં પુરાવાનો તબકકો છે તે નોંધવો મહત્વનો બને છે. વધુમાં પ્રતિવાદી નં.૧૩ ના ને જોડવાથી તથા તેમના દસ્તાવેજોને કાયદેસરતાનો મુદ્દો ઘડવાથી બંને પક્ષકારોના હિતને ધ્યાને લેવામાં આવેલ છે. જો વાદી પ્રતિવાદી નં.૧૩ ના દસ્તાવેજોને ગેરકાયદેરસ સાબીત કરવામાં સફળ રહે તો તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૧૩ ધ્વારા કરી આપવામાં આવેલ ઉત્તરોત્તર નાં તમા દસ્તાવેજો આપોઆપ જ ગેરકાયદેસર ઠરે તેમ છે. વધુમાં નોંધીએ તો દાવાવાળી મિલકતનાં રેવન્યુ રેકર્ડમાં હાલના દાવાની નોંધ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તમામ હુકમની નોંધ પાડવામાં આવેલી છે. જેથી પ્રતિવાદી નં.૧૩ નાએ જે કોઈ ઈસમોને જે કોઈપણ દસ્તાવેજ કરી આપેલ હશે તે તમામ દસ્તાવેજો તથા પક્ષકારો હાલનાં દાવાનાં નિર્ણયથી બાધિત બને છે. જેથી વાદીને તે સંદર્ભે કોઈ નુકસાન કે પૂર્વગ્રહ થાય તેમ નથી. જેથી વાદીએ ભવિષ્યની ચિંતા પડતી મુકીને હાલના દાવાને ઝડપથી ચલાવવા પ્રાથમિકતા આપવી જરૂરી બને છે. હાલનો કેસ સને ૨૦૦૯ નો છે તેમ છતાં ૨૦૨૨ સુધી વાદીએ પુરાવા રજુ ન કરીને સમયનો વ્યય કરેલછે. અગાઉની તમામ પરચુરણ અરજીઓનો નિર્ણય નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી પડકારવામાં આવેલા છે. જેને કારણે હાલનો દાવો જુનો હોવા છતાં અત્રેની અદાલત ઝડપથી ચલાવવામાં સક્ષમ બની શકેલ નથી. સદર દાવો ગુણદોષ આધારે આખરી નિર્ણય સારૂ તમામ પક્ષકારો તથા વકીલશ્રીઓને હકારાત્મક સહકાર અપેક્ષનીય તથા અનિવાર્ય છે. જેથી હાલની અરજી મંજુર કરવી વ્યાજી તથા ન્યાયોચિત જણાતી ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) સદર અરજી નામંજુર કરી વાદીને ડી.એલ.એસ.એ. માં ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે તમામ પક્ષકારો તથા વકીલશ્રીઓને પુરાવો રજુ કરવા સારૂ તથા નિયત સમયમર્યાદાથી પણ દાવો બહાર ગયેલ હોય તેની ગંભીરતા સમજી કામ

ઝડપથી ચાલે તે સારૂ અત્રેની અદાલતને સહકાર આપવા સ્પષ્ટ તાકીદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૦૯ મી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯ / ૦૧ / ૨૦૨૩.
સુરત.

(કુ.દીપાબેન સંજયકુમાર ઠાકર)
પાંચમા એડીશનલ સીનીયર સીવીલ જજ અને
એડીશનલ ચીફ જયુડી. મેજી., સુરત.
(GJ00943)